**વહીવટી તંત્રની ઘોર બેદરકારી :** વિસર્જન સમયે સુરક્ષા વ્યવસ્થા સાથે સ્થાનિક તરવૈયાઓ અને તારાપાની કોઇ જ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાથી લોકોમાં રોષ

# દેવ નદીમાં ગણપતિ વિસર્જનમાં ડૂબતા યુવકને તરવૈયાઓએ બચાવ્યો

**ઘટનાનો** વીડીયો વાયરલ થતા તંત્ર સામે રોષ ફેલાયો છે

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2
હાલ ગણેશ વિસર્જન દરમિયાન સાવચેતી અને સલામતી માં વહીવટી તંત્રની ચૂક જોવા મળે છે સાથે જ લોકોમાં પણ જાગૃતિનો અભાવ જોવા મળ્યો છે વાઘોડિયા તાલુકાના વ્યારા ગામે દેવ નદીના વહેણમાં તણાઈને ડૂબવા લાગતા યુવક ને અન્ય યુવકે રેસ્ક્યુ કરી બચાવી લિધાના LIVE દશ્યો કોઈ કે મોબાઈલમા કેદ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યા હતા. વાઘોડીયાના વ્યારા દેવ નદીમાં ગણેશ વિસર્જન કરવા ગયેલ યુવક પાણીના વહેણમાં તણાતા તરફડાતો જોવા મળ્યો, એક યુવકે કૂદીને સમય સૂચકતા વાપરી યુવકનો જીવ બચાવી લઈ કિનારે ખેંચી લાવતા તંત્રના સબ સલામતીના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. અન્ય યુવકે પોતાના જીવની પરવા કર્યા વગર નદીમાં કૂદી અન્ય યુવકનો જીવ બચાવતા દુર્ઘટના ટડી હતી.



આ ઘટનાએ વહીવટી તંત્રની સુરક્ષા વ્યવસ્થાઓમાં મોટી ખામીઓને ઉજાગર કરી છે, કારણ કે વિસર્જન સમયે તંત્ર ધ્વારા કોઈ તૈયારી કરવામાં આવી નહોતી.ઘટનાની વિગતો અનુસાર, ગણેશ વિસર્જન માટે દેવ નદીમાં આવેલા યુવકોમાંથી એક યુવક મૂર્તિ વિસર્જન કરવા માટે પાણીમાં ઊતર્યો હતો. અચાનક જોરદાર વહેણને કારણે તે તણાઈ ગયો હતો અને ડૂબવા લાગ્યો હતો.જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. વીડિયોમાં યુવક બે-ત્રણ વખત ડૂબકી ખાધી હતી અને તે પાણીમાં તરફડાતો જોવા મળ્યો હતોઅન્ય યુવકે પાણીમાં કૂદીને યુવકનો જીવ બચાવ્યો હતો.વહિવટી તંત્રની ઘોર બેદરકારી, વિસર્જન સમયે સુરક્ષા વ્યવસ્થા સાથે સ્થાનિક તરવૈયાઓ અને તારાપાની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. આ ઘટનાએ વહીવટી તંત્રની બેદરકારીને ઉજાગર કરી છે. ગણેશ વિસર્જન જેવા મોટા ઉત્સવો દરમિયાન નદી કાંઠે સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરવી જરૂરી હોય છે, પરંતુ અહીં કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. સ્થાનિક તરવૈયાઓ અથવા રેસ્ક્યુ ટીમને નદી કાંઠે તૈનાત કરવામાં આવ્યા નહોતાં, જેના કારણે આવી દુર્ઘટનાઓનું જોખમ વધી ગયું હતું.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વિસર્જન સમયે સુરક્ષા વ્યવસ્થામાં મોટા છીંડા જોવા મળ્યા, જેમ કે લાઈફ જેકેટ્સ, રોપ અથવા મેડિકલ ટીમની અનુપસ્થિતિ ન હતી. જો આ યુવકના બચાવમાં વિલંબ થયો હોત તો મોટી દુર્ઘટના બની શકી હોત.જોકે લોકોએ પણ વિસર્જન દરમિયાન ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળવુ જોઈએ. વહીવટીતંત્ર ના નિયમોનું પણ પાલન કરવું જરૂરી છે.

## બોડેલીમાં ગણેશ વિસર્જનમાં વિવિધ સુવિધાઓ માટે મામલતદારને આવેદન

(પ્રતિનિધિ) બોડેલી, તા.2
બોડેલીના ઝાંખરપુર ગામે તળાવમાં ગણેશ વિસર્જન માટે તળાવ ની સાફસફાઈ કરવા અને રસ્તા અને લાઈટો સુવિધાઓ ઉભી કરવા માટે ગણેશ મંડળો બોડેલી મામલતદાર આવેદનપત્ર આપી સુવિધાઓની માંગ કરી છે બોડેલી તથા આજુબાજુના ગામોમાંથી આવતા શ્રદ્ધાળુઓ દ્વારા દર વર્ષે મોટી સંખ્યામાં શ્રી ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન ઝાંખરપુરા તળાવમાં કરવામાં આવે



છે. આ સમયે તળાવમાં ગંદકી દૂર કરવા, સાફસફાઈ કરાવવી તેમજ વિસર્જન માટે લાઈટ અને ક્રેન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તાતી જરૂરિયાત ઉભી થાય છે. સર્વે ગણેશ યુવક મંડળ બોડેલી અને આજુબાજુના ગામોના યુવક મંડળોએ મામલતદાર બોડેલીને લેખિતમાં રજૂઆત કરી છે કે, વિસર્જન દરમ્યાન તળાવ પાસે પોલીસ બંદોબસ્ત અને રાત્રે પૂરતી લાઈટિંગની સુવિધા આપવામાં આવે જેવી બાબતો અંગે રજૂઆત કરાઇ છે.

વર્ષોથી ચાલતી પરંપરા મુજબ નવચંડી યજ્ઞ યોજી

## ડભોઈ શ્રીમાળી સોની સમાજ દ્વારા અખાનોમ પર્વની ઉત્સાહભેર ઉજવણી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.2
સમગ્ર શ્રીમાળી સોની સમાજ દ્વારા છેલ્લાં ઘણા વર્ષોથી ભાદરવા સુદ નોમના શુભ દિવસે પ્રસિદ્ધ આદી કવિ અખાની યાદગીરીમાં ઉત્સાહભેર અખો નોમની ઉજવણી કરવામાં આવે છે. આદી કવિ અખો જેઓનું મૂળનામ આખા રહિયાદાસ સોની, જેઓ શરૂઆતનાં સમયમાં સોનીનો વ્યવસાય કરતાં હતાં. જેઓ અમદાવાદ પાસેનાં જેતલપુરના વતની હતાં અને પાછળથી તેઓ અમદાવાદમાં ખાડિયાની દેસાઈ પોળમાં સ્થાયી થયાં હતાં. તેઓ પ્રાચીન કાળમાં ગુજરાતી સાહિત્યની પોતાની રચનાઓથી અખા ભગત તરીકે પ્રસિધ્ધી પામ્યાં હતાં અને તેઓ ૧૭મી સદીમાં ગુજરાતી ભાષાનાં



પ્રાચીન કવિઓ પૈકીનાં એક ગણાતાં હતાં. જેઓએ ગુજરાતી સાહિત્યમાં રચેલી રચનાઓ છપ્પા તરીકે પ્રચલિત બની હતી. અખો પોતે આત્મજ્ઞાની કવિ હતો અને પોતે જેવાં છે, તેવાં દેખાડવામાં જ માનતાં હતાં. પ્રપંચ અને ખોટાં આડંબરોના તેઓ ભારોભાર વિરોધી હતાં. આ મહાન કવિએ તે સમયે પ્રચલિત રૂઢિચુસ્ત પરંપરાઓ અને રીતરિવાજો ઉપર જોરદાર ચાબખા માર્યા હતાં. આ મહાન કવિની યાદગીરી તાજી રાખવા સમગ્ર સોની સમાજ દ્વારા પ્રતિવર્ષ અખો નોમની ઉજવણી કરવામાં આવે છે. તે પૈકી દર વર્ષની જેમ આ વર્ષે પણ આ નોમના પવિત્ર દિવસે ડભોઇ શ્રીમાળી સોની સમાજ દ્વારા સોનીની વાડી ખાતે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સોની સમાજે એકત્રિત થઈ આ નવચંડી યજ્ઞમાં હાજરી આપી હતી.

### બોડેલી ખાતે શેઠ એચ.એચ શીરોલાવાલા હાઈસ્કુલમાં ગણપતિ વિસર્જન



(પ્રતિનિધિ) બોડેલી, તા.2
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી ખાતે શેઠ એચ એચ શીરોલા વાલા હાઈસ્કુલ માં તારીખ 2 /9/ 2025 ના રોજ શાળામાં ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો હતો શેઠ એચ .એચ શીરોલા વાલા હાઈસ્કૂલ બોડેલીમાં ગણપતિ વિસર્જન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો સાથે સાથે શાળામાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

એમ્બ્યુલન્સમાં મહિલા દર્દીને ડીલીવરી માટે વડોદરા લઇ જવાતી હતી

## છોટાઉદેપુરની સરકારી એમ્બ્યુલન્સ ખોટકાતા દર્દીને હાલાકી વેઠવી પડી

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.2
છોટાઉદેપુરની સરકારી હોસ્પિટલ થી ડિલિવરી ના દર્દી ને લઇ વડોદરા જઈ રહેલી 108 એમ્બ્યુલન્સ જાંબુઘોડા ખાતે ખોટકાઈ જતા દર્દીએ અડધો કલાક હાલાકી ભોગવી પડી હતી. ? પ્રાપ્ત વિગતો મુજબ છોટાઉદેપુર ની સરકારી હોસ્પિટલ માં થી ડિલિવરી માટે એક મહિલા દર્દીને વડોદરા લઈ જઈ રહેલી 108 એમ્બ્યુલન્સ જાંબુઘોડા પાસે ખોટકાઈ હતી એમ્બ્યુલન્સનો સેન્ટર બોલ્ટ તૂટી જતાં દર્દીએ અડધો કલાક સુધી રસ્તા વચ્ચે દર્દ સહન કરી હાલાકી ભોગવવી પડી હતી આ ઘટના ને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. છોટાઉદેપુર સરકારી હોસ્પિટલ માં થી એક ડિલિવરી કેસને તાત્કાલિક સારવાર માટે વડોદરા લઈને જઈ રહેલી 108 એમ્બ્યુલન્સ જાંબુઘોડા પાસે પહોંચતા અચાનક બંધ પડી ગઈ હતી આ ગાડી નો સેન્ટર બોલ્ટ તૂટી જતાં તે આગળ વધી શકી ન હતી આ પરિસ્થિતિમાં, દર્દીના સગા અને સ્થાનિક લોકો 108ની મદદ માટે આગળ આવ્યા હતા ત્યારે બીજી 108 એમ્બ્યુલન્સ બોલાવવા માં આવી હતી જોકે બીજા કોલમાં 108 વ્યસ્ત હોવાનું જણાવાયું હતું જેના કારણે દર્દીને લગભગ અડધો કલાક સુધી પીડા સહન કરવી પડી હતી.

આ દરમિયાન છોટાઉદેપુર થી વડોદરા દર્દી ને રીફર કરી ને પરત આવી રહેલી અન્ય એક 108 એમ્બ્યુલન્સ ને કોલ મળતા આ એમ્બ્યુલન્સ માં ફરજ પર હાજર EMT (ઈમરજન્સી મેડિકલ ટેક્નિશિયન) મહિલા એ "મોડું થશે અને ૧૨ વાગી જશે" તેવા બહાના સાથે દર્દીને લઈ જવાનો ઇનકાર કર્યો હતો તેમણે બીજી નજીક માં હોય તેવી 108 એમ્બ્યુલન્સની રાહ જોવાનું કહ્યું હતું એમતો મહિલા જ મહિલા ની વેદના ને સમજી ના શકતા 108 ની મહિલા EMT ના આ વર્તન ને કારણે મદદ માટે ભેગા થયેલા સ્થાનિક લોકો રોષે ભરાયા હતા અને લોકો એ ભારે દબાણ કરતાં આખરે તે જ એમ્બ્યુલન્સમાં પીડિત મહિલા દર્દીને વડોદરા ને બદલે બોડેલી ખાનગી હોસ્પિટલ માં લઈ જવામાં આવી હતી.

### કાલોલ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ 24મી સપ્ટેમ્બરે યોજાશે

(પ્રતિનિધિ) કાલોલ, તા.2
કાલોલ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. 24/09/2025 બુધવારે સવારે 11 વાગ્યે મામલતદાર કચેરી ખાતે યોજાશે. નાગરિકો પોતાના સેવાકીય, નોકરી, પેન્શન તથા લાંબા સમયથી લંબાયેલા પ્રશ્નો અંગેની અરજી તા. 10/09/2025 સુધીમાં મામલતદાર કચેરી ખાતે રૂબરૂ, ટપાલ દ્વારા અથવા સ્વાગત પોર્ટલ https://swagat.gujarat.gov.in પર ઓનલાઈન મોકલી શકશે. અરજી પર સ્પષ્ટ રીતે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" લખવું ફરજિયાત રહેશે તેમજ અરજદારે નામ, સરનામું અને સંપર્ક નંબર આપવો જરૂરી રહેશે. એક અરજીમાં ફક્ત એક જ પ્રશ્ન રજૂ કરી શકાશે. અરજદાર જાતે જ પોતાના પ્રશ્નની રજૂઆત કરી શકશે,

## બોડેલી પોલીસ સ્ટેશન ખાતે તહેવારો નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) બોડેલી, તા.2
બોડેલી પોલીસ સ્ટેશન ખાતે પી આઈ વી.એસ. ગાવિત ની અધ્યક્ષતામાં આવનારા "ગણપતિ વિસર્જન" તથા "ઈદે મિલાદ" તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



બેઠક દરમ્યાન પોલીસ તંત્ર દ્વારા તહેવારોને વ્યવસ્થિત શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યા. ગણપતિ વિસર્જન માટે નગરમાં નક્કી કરાયેલા માર્ગો, ટ્રાફિક વ્યવસ્થા, જાહેર સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા તથા સફાઈ અંગે, તથા ડી જે વિશે વિગતવાર ચર્ચા કરવામ આવી. પી આઈ ગાવિતે તહેવારો શાંતિપૂર્વક અને એકતાનો સંદેશ આપે છે તેવો ઉલ્લેખ કરીને બંને સમાજના આગેવાનો તથા નાગરિકોને તહેવારોમાં પરસ્પર સહકાર આપીને શાંતિ અને ભાઈચારા સાથે ઉજવણી કરવાની વિનંતી કરી. અને આગેવાનોના સૂચનો પણ સાંભળ્યા હતા આ બેઠકમાં ઉપસ્થિત આગેવાનો અને નાગરિકોએ પણ તંત્રને પૂરતો સહયોગ આપશે અને શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે સમાજના દરેક વર્ગને સહયોગ આપશે.

## પાવીજેતપુર નજીક કારમાંથી રૂ.3.14 લાખનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.2
જેતપુરપાવી પોલીસ સ્ટેશન વિસ્તારના જેતપુર ટાઉન શંકરટેકરીની બાજુમાં ઓરસંગ નદી પાસે એક સફેદ કલરની સ્કોર્પીયો ફોર વ્હિલ ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની હેરાફેરી કરતા કુલ કિ.રૂ.૩,૧૪,૩૯૭ નો ગણનાપાત્ર પ્રોહી મુદામાલ જેતપુરપાવી પોલીસે ઝડપી પાડ્યો છે. એલ.પી. રાણા, પોલીસ ઇન્સ્પેક્ટર, જેતપુર પાવી પોલીસ સ્ટેશન તથા સ્ટાફના માણસો સાથે જેતપુર પાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જનરલ કોમ્બિંગ નાઈટ રાઉન્ડમાં પ્રોહી અંગેની કામગીરીમાં નીકળ્યા હતા. તે દરમ્યાન જેતપુર ટાઉન શંકર ટેકરીની બાજુમાં ઓરસંગ



નદી પાસે સફેદ કલરની સ્કોર્પીયો ગાડી આર.ટી.ઓ.રજી નંબર GJ-02-AP-4355 માંથી વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારૂની કાચની નાની મોટી તેમજ બીયરની બોટલો નંગ-૭૭૭ કિ.રૂ.૩,૧૪,૩૯૭ તથા મુદામાલની હેરાફેરીમા પકડાયેલી સફેદ કલરની સ્કોર્પીયો ગાડી સહીતનો મુદ્દામાલ કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

### બોડેલી તાલુકાના ચલામલી ખાતે લોક વિજ્ઞાન કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા બાલ ઊર્જા સુરક્ષા દળ કાર્યક્રમ યોજવામા આવ્યો



બોડેલી : બોડેલી તાલુકાના ચલામલી ગામે આવેલ માતૃશ્રી અમરતબા ભગત હાઈસ્કૂલમા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરા તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર છોટાઉદેપુર દ્વારા બાલ ઊર્જા સુરક્ષા દળ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.જેમા શાળાઓના વિદ્યાર્થીઓને ક્લાઈમેટ ચેન્જ થવાના કારણો અને નિવારણ,પુનઃપ્રાપ્ય અને પુનઃ અપ્રાપ્ય ઊર્જા અંગેની માહિતી,ઊર્જા ક્વીઝ, ચિત્ર સ્પર્ધા,ઘરેલુ વિવિધ ઉપકરણોમા ઊર્જાની ખપત,ટકાઉ ઊર્જા અને પિક્શનરી ગેમ જેવા વિવિધ વિષયોમા થીયરી તથા પ્રેક્ટિકલ માર્ગદર્શન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કો ઓર્ડીનેટર મયંકભાઇ સોલંકીએ આપ્યુ હતુ.

પ્રજાને અવરજવર માટે ભારે હાલાકી વેઠવાનો વારો

## ક્વાંટ તાલુકાના પાનવડ ગામે પુલનો એક ભાગ ધસી પડ્યો

**છોટાઉદેપુર** જિલ્લામાં 80 ટકાથી વધુ પુલને 50 વર્ષથી વધારે સમય વિતી ગયો છે ત્યારે આ વિષય ચિંતાનો બન્યો છે



(પ્રતિનિધિ) ક્વાંટ, તા.2
ક્વાંટ તાલુકાના પાનવડ ગામે પુલનો એક ભાગ ધસી પડતા અવરજવરમાં પ્રજાને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.હાલમાં છોટાઉદેપુર જિલ્લામાં ગંભીરા બ્રિજ તૂટ્યા બાદ જિલ્લાના વિવિધ પુલોની ચકાસણી કરવા માં આવી રહી છે. તેવે સમયે માર્ગ મકાન વિભાગના કર્મચારીના જણાવ્યા અનુસાર છોટાઉદેપુર જિલ્લાના મોટાભાગના પુલોને 50 વર્ષથી વધુનો સમય થવા પામ્યો છે.

જેને લઈને હાલમાં છોટાઉદેપુરની પ્રજાને અવારનવાર અવરજવર કરવામાં ફેરા ફરવાનો વારો આવ્યો છે. જેમાં ક્વાંટ તાલુકાના પાનવડ મુકામે છોટાઉદેપુર બાજુ જવાના માર્ગનો પુલનો એક બાજુનો ભાગ પેરાફીટ સાથે ઘસી જતા આ માર્ગ હાલમાં જોખમકારક બન્યો છે. જેમાં બેરીકેડ મૂકીને રસ્તાને એક તરફ થી બંધ કરવામાં આવ્યો છે.

## જરોદ જિ.પં.ના પુર્વ કારોબારી ચેરમેન રાજેન્દ્ર પટેલે ગણેશજીની આરતી ઉતારી



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2
વડોદરા જીલ્લા પંચાયતના પુર્વ કારોબારી ચેરમેન રાજેન્દ્ર પટેલ પોતાના જરોદ વિસ્તારના હજારો કાર્યકર્તાઓના કાફલા સાથે ગામેગામ જઈ ગણેશમહોત્સવ મા આરતીનો લાભ લઈ રાજકારણમા સક્રીય હોવાનો સંકેત આપી દિધો છે. હાલ ચાલતા ગણેશમહોત્સવ દરમ્યાન આરતીનો લ્હાવો ગામેગામ જઈ લઈ રહ્યા છે.પોતાના હજારો કાર્યકર્તાઓના કાફલા સાથે જરોદ વિસ્તારના ગામોમા જઈ ગણપતીની આરતી ઊતારી સ્થળપર જનસંપર્ક કરી રહ્યા છે. 2022 મા વિધાનસભા મા સેન્સ પ્રક્રીયા દરમ્યાન ધારાસભ્ય માટેની દાવેદારી નોંધાવી હતી.જોકે તે સમયે ભાજપે નોંધ લિધી ના હતી, ફરીથી જીલ્લા પંચાયતોની યોજાનાર ચુંટણીમા જન પ્રતીસાદનો જુવાળ જોતા આ પ્રકારના શક્તી પ્રદર્શન સાથે જરોદ જીલ્લા પંચાયતની સીટપર ભાજપનુ ધ્યાન દોર્યુ છે. ગામે ગામ જઈ ગણપતી પંડાલોમા આરતી ઊતારી વિઘ્નહર્તાના આર્શીવાદ લઈ પોતે રાજકારણમા સક્રીય હોવાની સાથે જનસંપર્ક ધ્વારા લોકપ્રશ્નોને ઉકેલવા પ્રયાસ હાથ ધર્યો છે.

લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે પંચાયતનુ કામ કરવુ જરૂરી

## સાવલીના તુલસીપુરામાં પંચાયત ઘરનું કામ શરૂ નહીં થતા ગ્રામજનોના ધરણાં

(પ્રતિનિધિ) સાવલી, તા.2
સાવલી તાલુકાના તુલસીપુરા ગામના નવીન ગ્રામ પંચાયત ઘરની મંજૂરી મળી ગયા બાદ તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં ન આવતા સરપંચ અને ગ્રામજનોએ સાવલી આર. એન્ડ. બી વિભાગની કચેરીની બહાર ધરણાં પર બેસીને સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો અને વહેલી તકે કામગીરી હાથ ધરવાની માંગ કરી હતી.




સાવલી તાલુકાના તુલસીપુરા ગામ પંચાયતનાં મકાનની ગ્રાન્ટની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવી છે. નવીન મકાનના નિર્માણ માટે ત્રણ મહિના પહેલા વર્ક ઓર્ડર મળી ગયો હોવા છતાં તંત્ર દ્વારા બાંધકામની પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. તેના પગલે ગ્રામજનોમાં રોષ ફેલાયો છે અને વિવિધ આક્ષેપ કરવામાં આવ્યા હતા. આજરોજ સરપંચ સહિત ગ્રામજનો નાના બાળકો મહિલા સાથે કચેરી નાં પટણાંગણમાં જ નીચે બેસી વિરોધ નોંધાવ્યો હતો અને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ બાબતે તુલસીપુરા ગામ સરપંચ સહિત કુટુંબ પરિવાર સાથે આર એન્ડ બી વિભાગ કચેરી સામેજ મોટી સંખ્યામાં અચોક્કસ મુદતનાં ધરણાં પર બેઠા હતા. સરપંચ મહેશભાઈ તલાવીયાએ જણાવ્યું હતું કે તુલસીપુરા ગામનું નવીન ગ્રામ પંચાયતના મકાનની બાંધકામની કામગીરી શરૂ કરવાની ખાતરી આપતો ઓર્ડર નહીં આપે ત્યાં સુધી ધરણા ઉપર અમે બેસીશું.